જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૨/૨૦૧૮ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૦/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૭૮ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૬૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૧/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૨૬૨/૧૮**

**નવરંગપુરા :** અભિજીતસિંહ હિતેન્દ્રકુમાર દવે (ઉ.વ.૨૭)(રહે,મધુવન ગ્લોરી, ધરણીધર બંગ્લોઝની બાજુમા, નવા નરોડા, કૃષ્ણનગર) એ તા.૦૬/૦૨/૧૮ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૧૨/૨૦૧૭ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી તરૂણ કાન્તીલાલ સુરેજા (રહે,સિલ્વર ગાર્ડનિય, મનન ઓટોલીકની સામે, ગોતા ઓવરબ્રિજ પાસે, ગોતા) એ અભિજીતસિંહ ની બજાજ ફાયનાન્સના તા.૨૯/૦૫/૨૦૧૬ ના રોજ મરણ ગયેલ ઇ.એમ.આઇ.કાર્ડ હોલ્ડર અજયકુમાર માધવભાઇ રાઠોડના નામનુ ઇ.એમ.આઇ. કાર્ડ કોઇપણ રીતે મેળવી તેમાં અજય રાઠોડનું સરનામુ ચેંજ કરાવી તે ઇએમ.આઇ કાર્ડ તથા અજયકુમાર માધવભાઇ રાઠોડના નામવાળુ બોગસ આધાર કાર્ડ બનાવી તેની ઝેરોક્ષો પાંચેક લોનો પૈકી તા.૨/૧૨/૨૦૧૭ ના રોજ ક્રોમા ઇન્ફીનેટી રીટેઇલ લિ.આશ્રમ રોડ ખાતેથી સેમસંગ જે-૭ મેક્ષ મોબાઇલ કિંમત રૂપિયા ૧૬,૯૦૦/- ની મેળવેલ લોનમાં તથા તા૫/૧૨/૨૦૧૭ ના રોજ રીલાયન્સ રીટેલ લિમીટેડ, પંચવટી, સી.જી.રોડ ખાતેથી સોની એલ.ઇ.ડી. કિંમત રૂપિયા ૬૯,૯૯૦/- ની મેળવેલ લોનમાં તથા તા.૬/૧૨/૨૦૧૭ ના રોજ રીલાયન્સ રીટેલ લિમીટેડ, વસ્ત્રાપુર ખાતેથી એલ.ઇ.ડી. કિંમત રૂપિયા ૬૯,૯૯૦/- ની મેળવેલ લોનમાં રજુ કરી અજયકુમાર માધવભાઇ રાઠોડના નામે કંઝ્યુમર લોનો અપ્રુવલ કરાવી લોનની કન્ઝ્યુમર આઇટમની ડીલીવરી મેળવી, અભિજીતસિંહની બજાજ ફાયનાન્સ લીમીટેડ કંપની સાથે કુલ રૂપિયા ૧,૫૩,૮૮૦/- મતાની છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એચ.મિસ્ત્રી ચલાવે છે.

**મણીનગર :** સમીરભાઇ સ/ઓ ધનશ્યામભાઇ પટેલ (ઉ.વ.૪૭)(રહે,અનંગ સોસાયટી, ભાડુઆતનગર, ઇસનપુર રોડ, ઘોડાસર) એ તા.૦૬/૦૨/૧૮ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૬/૨૦૧૭ બપોર ના ૧/૦૦ થી તા.૨૦/૦૮/૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન મણીનગર રામબાગ ચાર રસ્તા, સીલ્વર કોમ્પલેક્ષ દુકાન નંબર ૧૪ થી ૨૦ માંથી આરોપી કરણ પટેલ (જેનુ પુરુ નામસરનામુ જાણવા મળેલ નથી) એ સમીરભાઇને વિશ્વાસમાં લઈ તેમની ઇલેક્ટ્રોનીક ઇન્સટ્રુમેંન્ટ નામની દુકાનમાંથી પેનસોનીક કંપનીના એરકંડીશનર નંગ-૧૪, સેમસંગ કંપનીના એલ.ઇ.ડી. ટી.વી નંગ-૦૪ તથા સેમસંગ કંપનીના મોબાઇલ નંગ-૧૦ જે તમામ ની કુલ કિંમત રૂપિયા ૧૫,૦૦,૩૦૦/- મતાનો ઇલેકટ્રોનીક સામાન લઇ જઇ, તે પેટે સમીરભાઇને કોઇ નાણાં નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ટી.એન.મોરડીયા ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૬૩/૧૮</u>**

**નવરંગપુરા :** અનિલભાઇ પરષોતમભાઇ સોની (ઉ.વ.૫૨)(રહે,શિલ્પપાર્ક ઉસ્માનપુરા) એ તા.૬/૨/૧૮ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૦/૨૦૧૭ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે નવરંગપુરા બોડીલાઇન ચાર રસ્તા પાસે આવેલ જોન્સન જ્વેલર્સ નામ ના પોતાના શો રૂમમાં એક અજાણ્યો પુરૂષ (૪૫ વર્ષ ના આશરાનો) શો રૂમમાં આવી, ત્યાં નોકરી કરતા આરતીબેન પાસે ખરીદી કરવાના બહાને, આરતીબેનની નજર ચુકવી એક સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧,૪૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એચ.મિસ્ત્રી ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ:</u>** **<u>સમાચાર યાદી નં.૨૬૪/૧૮</u>**

**વાસણા :** અક્ષયભાઇ મનુભાઇ સોલંકી(ઉ.વ.૨૩)(રહે,શક્તીનગર ફતેવાડી તા.દસકોઇ જી.અમદાવાદ) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૨/૨૦૧૮ ના કલાક ૫/૩૦ વાગ્યાના સુમારે વાસણા એ.પી.એમ.સી. માર્કેટ આગળ રોડ ઉપર એક ટેમ્પા નંબર જીજે.૦૧.ડી.એક્સ.૧૦૫૮ ના ચાલકે પોતાના કબજાનો ટેમ્પો પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી, અક્ષયભાઇના પિતા મનુભાઇ પુજાભાઇ સોલંકીના મોટર સાયકલને ટક્કર મારતા, મનુભાઇને શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજયું હતુઆ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.તડવી ચલાવે છે.

**ચાંદખેડા :** સુર્યકાન્ત દેવશરણ પાંન્ડે (ઉ.વ.૫૩)(રહે,ન્યુ રેલ્વે કોલોની સમુદાય ભવનની બાજુમા સાબરમતી) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૨/૨૦૧૮ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે પોતાનો દિકરો સદાશિવકુમાર (ઉ.વ.૨૫) પોતાનુ એકટિવા લઇ ચાંદખેડા વિઠ્ઠલમોલ ખાતે જીમમાં જવા નીકળેલ ત્યારે ન્યુ.સી.જી.રોડ વૈભવી બગ્લોઝ ના કટ ઉપર એક અલ્ટો કાર નંબર જી.જે.૦૧.એચ.કે.૫૫૧૩ ના ચાલકે પોતાના કબજાની કાર બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી, સદાશિવકુમારનાં એક્ટીવાને ટક્કર મારતાં, તેમને માથાના ભાગે ગંભીર ઇજાઓ થતાં, સદાશિવકુમારનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુઆ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એલ.સોલંકી ચલાવે છે.

**દાઝી જતા બાળકનું મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૨૬૫/૧૮**

**અમરાઇવાડી :** નિખિલ સીતારામ ખટીક(ઉ.વ.૪)(રહે,સત્યમનગર નાગરવેલ ચાર રસ્તા અમરાઇવાડી) તા.૩૧/૦૧/૨૦૧૮ ના કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રમતા-રમતા હોલમાં મુકેલ ગરમ પાણી તેના પર પડતા શરીરે દાઝી જતા, સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરેલ હતો જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૦૨/૧૮ ના કલાક ૭/૩૦ વાગે ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગોમજીભાઇ લાલુભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૬૬/૧૮**

**બાપુનગર :** નાશીરબાનુ મોહમંદવાસીમ શાહ (ઉ.વ.૨૪)(રહે,બીરજુનગર સોનીની ચાલી બાપુનગર) એ કોઇ અગમ્ય કારણસર તા.૦૫/૦૨/૧૮ રાતનાં ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે કાપડનો ટુકડો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.ગઢવી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.